કવિ નરસિંહ મહેતા દલિત સાહિત્ય
એવોર્ડ આપવા બાબત. ( સંત કબીર એવોર્ડ )

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૯૯-ન.બા.૧૯-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :-૭ ફેબ્રુઆરી-૨૦૦૧

ઠરાવ:--

કોઈપણ રાષ્ટ્ર, સમાજ કે પ્રજાના સર્વાંગી વિકાસમા તેના સાહિત્ય અને સાહિત્યકારોનો ફાળો અમૂલ્ય રહયો છે. જે તે પ્રજાનું સાહિત્ય તે પ્રજાના સંસ્કાર, સંસ્કૃતિ અને આકાંક્ષાઓની પારાશીશી છે. સદીઓથી દલિત સમાજને વિશિષ્ટ પ્રકારના સામાજીક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય પ્રશ્નો અને મનોવ્યાપારો સતાવતા રહયા છે. છેલ્લા કેટલાક દાયકાઓથી દલિત સમાજની આ વિશિષ્ટ સમસ્યાઓ અને આકાંક્ષાઓ એક વિશિષ્ટ પ્રકારના સાહિત્ય સ્વરૂપે ઝીલાતા અને લખાતા રહયા છે જેને વિદ્વાનો દલિત સાહિત્ય કહે છે. દલિત સાહિત્ય તેના વિશિષ્ટ વિષયવસ્તુ અને નિરૂપણ શૈલીને કારણે મુખ્ય પ્રવાહના સાહિત્યથી જુદું પડતું હોવાથી દલિત સાહિત્યકારો પ્રત્યે ઓછું ધ્યાન અપાય છે.

૨. ઉપરોક્ત સંજોગોમાં અનુ. જાતિઓ સહિત સમગ્ર દલિત વર્ગોના શોષણ, દમન, પીડા, વિદ્રોહ, સંઘર્ષ અને આકાંક્ષાઓને અભિવ્યક્ત કરી આ વર્ગોમાં માનવીય ગરીમા સાથે તેમનામાં અધિકારો માટે જાગૃતિ લાવતા અને ખાસ કરીને વિભિન્ન વર્ગોમાં સામાજિક સમરસતા પ્રસ્થાપિત કરી દલિતોમાં અસ્મિતા પ્રગટ કરતા સર્જનાત્મક દલિત સાહિત્ય ક્ષેત્રે મહત્વપૂર્ણ અને મૌલિક યોગદાન આપનાર દલિત સાહિત્યકારોનાં માન સન્માન કરવાની બાબત સરકારથીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાનાં અંતે દલિત સાહિત્યકારો પૈકી દર વર્ષે એક દલિત સાહિત્યકારને કવિ નરસિંહ મહેતા દલિત સાહિત્ય એવોર્ડ તરીકે રૂ.૫૦,૦૦૦ નો રોકડ પુરસ્કાર અને પ્રશસ્તિ પત્ર આપવાનું ઠરાવવામાં આવે છે. આ એવોર્ડ આપવા માટે ની પધ્ધતિ તથા નિયમો આ સાથેના પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ નક્કી કરવામાં આવે છે.

૩. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર "૨૨૨૫ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગનું કલ્યાણ-૦૧ અનુ.જાતિનું કલ્યાણ-૨૭૭-શિક્ષણ-બીસીકે-અનુ. જાતિ માટે ખાસ અંગભુત યોજના બીસીકે-૨૬, દલિત કવિને એવોર્ડ " હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

૪. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા સલાહકારશ્રીની તા. ૧-૬-૨૦૦૦ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.પી. પ્રજાપતિ)
સેક્શન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
માન.મંત્રીશ્રી(સામાજિક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
માન.નાયબ મંત્રીશ્રી (સામાજીક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી,અનુ.જાતિ કલ્યાણ,સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી,અમદાવાદ–રાજકોટ
પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર–
સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી,
નાણાં સલાહકાર શ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
વિભાગની સર્વે શાખાઓ.
સિલેક્ટ ફાઈલ.

એન.બી.૧૯–ગ

## પરિશિષ્ટ

દલિત સાહિત્ય ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનારને કવિ નરસિંહ મહેતા દલિત સાહિત્ય એવોર્ડ એનાયત કરવાની યોજનાના નિયમો અને પધ્ધતિ.

૧. અનુ.જાતિઓ સહિત સમગ્ર દલિત વર્ગોના શોષણ,દમન,પીડા,વિદ્રોહ સઘર્ષ અને આકાંક્ષાઓને અભિવ્યક્ત કરી આ વર્ગોમાં માનવીય ગરીમા સાથે તેમનામાં અધિકારો માટે જાગૃતિ લાવતા અને ખાસ કરીને વિભિન્ન વર્ગોમાં સામાજિક સમરસતા પ્રસ્થાપિત કરી દલિતોમાં અસ્મિતા પ્રગટકરતા સર્જનાત્મક દલિત સાહિત્ય ક્ષેત્રે મહત્વના અને મૌલિક યોગદાન આપનાર અનુસૂચિત જાતિના સાહિત્યકારોને કવિ નરસિંહ મહેતા દલિત સાહિત્ય એવોર્ડ આપવામાં આવશે.

૨. <u>એવોર્ડની શરતો:-</u>

૧ આ એવોર્ડમાં રૂ.૫૦,૦૦૦(રૂ. પચાસ હજાર પુરા) ની રોકડ રકમ તથા એક પ્રસંશાપત્રસામેલ
...શે. એવોર્ડની રકમનું વિતરણ ચેક દ્વારા કરવામાં આવશે.
૨ એવોર્ડને પાત્ર ઠરેલ વ્યકિતને એવોર્ડ વિતરણ સમારંભમાં હાજર રહેવા આમંત્રણ આપવામાં
આવશે.
૩. આ એવોર્ડ દર વર્ષે આપવામાં આવશે. અને વર્ષ તરીકે નાણાંકીય વર્ષ ધ્યાનમાં લેવામાં આવશે.
૪. જો કોઈ વર્ષે આ એવોર્ડ કોઈપણ વ્યકિતને આપવામાં ન આવે તો તે વર્ષ પુરતો આ એવોર્ડ
મુલતવી રાખવામાં આવેલો ગણાશે.
૫. એવોર્ડ એનાયત કરવાનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે.
૬ રાજ્ય સરકાર નક્કી કરે તે મહાનુભવોના વરદ હસ્તે આ એવોર્ડ એનાયત કરાશે.
છેલ્લાં પાંચ વર્ષમાં વ્યક્તિ અનુસૂચિત જાતિના લોકોના ઉત્કર્ષ માટે સર્જનાત્મક દલિત
સાહિત્ય ક્ષેત્રે આપેલ વિશિષ્ટ યોગદાનને એવોર્ડ આપવા માટે ધ્યાનમાં લેવામાં આવશે.

૩. <u>એવોર્ડ માટે ભલામણ કરવાની વિધિ:-</u>

૧ આ એવોર્ડ માટે નીચેની વ્યકિત-સંસ્થાઓ ભલામણ કરી શકાશે.
ક) સાહિત્યના જાણકાર તથા સામાજિક કાર્યના ક્ષેત્રે સાથે સંકળાયેલ વ્યકિત-સંસ્થાઓ.
ખ) સંસદ સભ્યો-વિધાનસભા સભ્યો, રાજ્યની વડી અદાલત ના ન્યાયાધીશો.
ગ) રાજ્ય, રાષ્ટ્ર કે આંતર રાષ્ટ્રીય ક્ષેત્રે એવોર્ડ પ્રાપ્ત કરનાર વ્યકિતઓ કે વિજેતાઓ,સંસ્થાઓ અને
સંગઠનો.
ઘ) યુનિવર્સિટીઓના ઉપકુલપતિ
ચ) એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિ આવાં એવોર્ડ માટે ભલામણ કરવા નક્કી કરે તેવી કોઈપણ
વ્યકિત-સંસ્થા.
૨. કોઈપણ વ્યકિત પોતાના નામનાં એવોર્ડ માટે ભલામણ કરશે તો તે ધ્યાન ઉપર લેવાશે નહિ.
૩. ઉપર જણાવેલ વ્યકિત કે સંસ્થા એકજ નામની ભલામણ કરી શકાશે.
૪. એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિના સભ્યો કોઈના નામની ભલામણ કરી શકાશે નહિ.

૪. <u>એવોર્ડ આપવા માટેની તારીખઃ-</u>

કવિ નરસિંહ મહેતા દલિત સાહિત્ય એવોર્ડ માટે દર વર્ષે લેખિત સ્વરૂપે અગ્રગણ્ય દૈનિક પત્રોમાં જાહેરાત આપીને આ સાથેના અરજી પત્રકમાં દરખાસ્તો માંગાવવામાં આવશે. જે અન્વયે નિયત સમય મર્યાદામાં મળેલી દરખાસ્તો-ભલામણો એવોર્ડ નિર્ણાયક સમિતિ ધ્યાનમાં લેશે. નિયત સમય મર્યાદા પુરી થયા બાદ મળેલી દરખાસ્તો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૫. <u>એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિઃ-</u>

એવોર્ડ માટે સાહિત્યકારની પસંદગી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નીચે જણાવેલ સભ્યોની <u>એક સલાહકાર સમિતિ રચવામાં આવશે.</u>

| | | |
|---|---|---|
| ૧. | માન. મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા | અધ્યક્ષ |
| ૨. | મા. નાયબ મંત્રીશ્રી-સા. ન્યાય અને અધિકારીતા | સભ્ય |
| ૩. | અનુસુચિત જાતિના એક <u>સંસદસભ્ય</u> અથવા <u>ધારાસભ્ય</u> | સભ્ય |
| ૪. | અનુ. જાતિના ઉત્કર્ષ માટે સાહિત્યક્ષેત્રે કામ કરેલ હોય તેવી કોઈ એક વ્યક્તિ | સભ્ય |
| ૫. | સાહિત્યક્ષેત્ર સાથે સંકળાયેલ <u>બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ</u> | સભ્ય |
| ૬. | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના- સચિવશ્રી | સભ્ય |
| ૭. | નિયામક, અનુ. જાતિ કલ્યાણ | સભ્ય સચિવ |

૨) <u>એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિની મુદત ૩ વર્ષની રહેશે.</u>

૩) એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિએ તેનો નિર્ણય બહુમતી ના ધોરણે લેવાનો રહેશે અને જ્યાં મત સરખા વિભાજિત થતા હોય ત્યારે સમિતિના અધ્યક્ષશ્રીનો મત નિર્ણાયક રહેશે.

૪) એવોર્ડ માટે દરખાસ્તો મેળવવાની, તેની સમગ્ર ચકાસણી કરી આ અંગેની તમામ વિગતો તૈયાર કરવાની કામગીરી સભ્ય સચિવ તરીકે નિયામક, અનુસૂચિતજાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગરે કરવાની રહેશે.

૫) નિર્ણાયક સમિતિ એવોર્ડ માટે મળેલ દરખાસ્તો પર વિચારણા કરી જે સાહિત્યકારને એવોર્ડ આપવા યોગ્ય હોય તેની જાણ અધિક મુખ્યસચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ને કરવાની રહેશે. જેના આધારે રાજ્ય સરકાર એવોર્ડ આપવાની કાર્યવાહી કરશે. એવોર્ડ વિતરણ સમારંભની સઘળી કામગીરી નિયામક અનુ. જાતિ <u>કલ્યાણએ કરવાની રહેશે.</u>

૬) નિર્ણાયક સમિતિની કાર્યવાહી લેખિતમાં અને ગુપ્ત રાખવાની રહેશે.

૭) નિર્ણાયક સમિતિના નિર્ણય બાબતે કોઈ રજૂઆત ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૮) <u>આ એવોર્ડ ખાસ સમારંભમાં આપવામાં આવશે.</u>

<u>સામાન્યઃ-</u>

૧. આ નિયમોમાં ફેરફાર કરવાની સત્તા રાજ્ય સરકારને રહેશે.

૨. એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિને તેના કાર્યો સબંધમાં પેટા નિયમો બનાવવાની અને તેને અનુકુળ હોય તેવી વિધિ અનુસારવાની સત્તા રહેશે. પરંતુ તે માટે રાજ્ય સરકારની ઔપચારિક અનુમતિ મેળવી લેવાની રહેશે.

સંતશ્રી કબીર

અનુ. જાતિના સર્જનાત્મક દલિત સાહિત્ય ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર સાહિત્યકારને .
દલિત સાહિત્ય એવોર્ડ આપવાની યોજનાનું અરજી પત્રક.

પાસપોર્ટસાઈઝનો
ફોટો

૧. પુરૂ નામઃ—

૨. સરનામુંઃ—

૩. જન્મ તારીખઃ—

૪. અનુસૂચિત જાતિ પ્રમાણપત્ર (પ્રમાણિત નકલ સામેલ કરવી )

૫. નાગરીકતાઃ—

૬. અભ્યાસઃ—

૭. સાહિત્ય ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન કરેલ હોય તેની વિગતો/પ્રગટ થયેલ કૃતિઓઃ—

૮. પ્રવૃત્તિઓઃ—

૯. મેળવેલ પુરસ્કારો, પ્રમાણપત્રો.

૧૦. કેટલા વર્ષથી સાહિત્ય સર્જન કરેલ છે ?

૧૧. વિશેષ નોંધ

સ્થળઃ—

તારીખઃ—

સાહિત્યકારની સહી .

NB19G .

કવિ નરસિંહ મહેતા દલિત સાહિત્ય એવોર્ડ આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ક્રમાંકઃએસસીડબલ્યુ/૧૦૯૯/ન.બા.૧૯-ગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ :- ૩-૧-૨૦૦૨

વંચાણે લીધો. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ/૧૦૯૯/ન.બા./૧૯/ગ,

નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ ગુ. રા. ગાંધીનગર
8 JAN 2002

**સુધારો:-**

આમુખમાં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૭-૨-૨૦૦૧ ના ઠરાવથી દલિતોના અસ્મિતા પ્રગટ કરતાં સર્જનાત્મક દલિત સાહિત્ય ક્ષેત્રે મહત્વપૂર્ણ અને મૌલિક યોગદાન આપનાર દલિત સાહિત્યકારોની માન સન્માન કરવા બાબતે દલિત સાહિત્યકારો પૈકી દર વર્ષે એક સાહિત્યકારને દલિત સાહિત્ય એવોર્ડ આપવાનું ઠરાવવામાં આવેલ છે અને તે એવોર્ડને "કવિ નરસિંહ મહેતા દલિત સાહિત્ય એવોર્ડ" નામ આપવામાં આવેલ છે.

આ એવોર્ડનું હવે "કવિ નરસિંહ મહેતા" ના નામને બદલે " સંતશ્રી કબીર દલિત સાહિત્ય એવોર્ડ" આપવાનું આથી ઠરાવવામાં આવે છે. આમુખમાં દર્શાવેલ ઠરાવમાં જ્યાં જ્યાં કવિ નરસિંહ મહેતા ના નામનો ઉલ્લેખ થયેલ હોય ત્યાં ત્યાં "સંત શ્રી કબીર" વાંચવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.પી.પ્રજાપતિ)
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
- મા. મંત્રીશ્રી (સા.ન્યા.અને અધિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ/અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી,
- નાણા સલાહકારશ્રી, સા.ન્યાય. અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેકટ ફાઈલ.

જીકજી

અનુસૂચિત જાતિ કલ્યાણને લગતા વિવિધ એવોર્ડ એનાયત કરવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંકઃ-પરચ-૧૦૨૦૦૭-૭૮૮-ગ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- 27 APR 2007

વંચાણે લીધાઃ-

(૧) સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તારીખ-૨૪-૩-૯૫ નો ઠરાવ ક્રમાંક-પરચ-૧૦૯૩-૯૨૩-(૯૪)-જ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૭-૨-૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક-એસસીડબલ્યુ-૧૦૯૯-ન.બા.૧૯-ગ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૯-૭-૨૦૦૨-ના ઠરાવ ક્રમાંક-એસસીડબલ્યુ-૧૦૨૦૦૨-ન.બા.૧૭-ગ

(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તારીખ-૨૬-૩-૦૭ નો પત્ર ક્રમાંક-અજાક/છ-૧/૨૦૦૭/૨૬૫૪

ઠ રા વ:-

ગુજરાત સરકારના ભુતપૂર્વ સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ધ્વારા અનુસૂચિત જાતિ કલ્યાણને લગતા વિવિધ એવોર્ડ જેવા કે ડૉ.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ, મહાત્માગાંધી એવોર્ડ, સંતશ્રી કબીર દલિત સાહિત્ય એવોર્ડ, દાસીજીવણ શ્રેષ્ઠ દલિત સાહિત્યકૃતિ એવોર્ડ તથા મહાત્મા ફૂલે શ્રેષ્ઠ દલિત પત્રકાર એવોર્ડ આપવાની યોજનાઓ સંદર્ભમાં દર્શાવેલ સરકારશ્રીના જુદા જુદા ઠરાવોથી અમલમાં મુકવામાં આવેલ છે. આ તમામ એવોર્ડ એનાયત કરવા માટેના સમારંભ સ્થળમાં એકસુત્રતા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે હવેથી આ વિભાગ હસ્તકના અનુસૂચિત જાતિને લગતા તમામ એવોર્ડ રાજયના કોઈપણ સ્થળે આપી શકાશે તેવું ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી. એચ. ગરાસિયા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
- મા. મંત્રીશ્રી (સા.ન્યા.અને અધિ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ
- સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત)
- તમામ એવોર્ડ પસંદગી સમિતિના સભ્યશ્રીઓ (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મારફતે)
- વિભાગને સર્વે શાખા.
- સબંધિત એવોર્ડની મૂળ ફાઈલમાં રાખવા માટે (એક એક નકલ)
- સિલેકટ ફાઈલ